ગાંધીનગર સમાચાર

તા. ૧૦-૨-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

# બિહારમાં બખડજંતર

ક્યારેક વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કટ્ટર અને સક્ષમ પ્રતિસ્પર્ધી તરીકેની પ્રભાવક છાપ ઊભી કરનાર નીતિશ કુમાર માટે આગામી સમય એમના રાજકીય અસ્તિત્વ સામેની કપરી કસોટી પુરવાર થાય એવા સંજોગો સરજાયા છે. 'એવરીથિંગ ઇઝ ફેર ઇન લવ એન્ડ વોર' - પ્રેમ અને યુદ્ધમાં બધું જ જાયઝ છે - એને કોઇ નીતિનિયમ નડતા નથી, એ પુરાતન ઉક્તિ મુજબ નીતિશકુમારનું રાજકીય કાસળ કાઢી નાખવા માટે ભારતીય જનતા પાર્ટી કૃતસંકલ્પ છે. સામે નીતિશકુમાર પણ ઓછી માયા નથી. એ જયપ્રકાશ નારાયણની ચળવળની પ્રોડકટ છે. લાલુપ્રસાદ યાદવ જેવા તળ જમીનના લોકપ્રિય નેતા પાસે જાતિવાદી સમીકરણો ઉપરાંત મુસ્લિમોનું સમર્થન હતું, છતાં એમને ધરાર સત્તાસ્થાનેથી તગેડી મૂકીને વૈચારિક રીતે પ્રતિકૂળ એવા ભાજપ સાથે ગંઠબંધન રચીને જનતા દળ (યુ)ના આ ખમતીધર કણબી (કુર્મી) નેતાએ ઘણાં વરસ ગાડું ગબડાવ્યે રાખ્યું હતું. જયારે એનડીએના ઘટક પક્ષ તરીકે મોદીના જ મુદ્દે જુદા પડ્યા ત્યારે પણ વિધાનસભામાં એમની પાસે જરૂરી બહુમતી હતી. લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી સામે ઝીંક નહીં ઝીલી શકતાં પરાજયની નૈતિક જવાબદારી સ્વીકારીને મુખ્યમંત્રી પદ સ્વેચછાએ છોડીને મહાદલિત મુસહર જાતિના નેતા જીતનરામ માંઝીને 'પાદુકા રાજ' સોંપવાનો ખેલ એમને મોંઘો પડી ગયો છે. માંઝીએ સત્તા મળતાંની સાથે દારૂ પીધેલાં વાંદરા જેવાં અટકચાળા શરૂ કરી દીધાં અને પાર્ટીમાં એમને વેળાસર ખસેડી પુનઃ નીતિશકુમારના હાથમાં સત્તાનાં સૂત્રો સોંપવાની માંગણી પ્રબળ બનતી ગઇ. આખરે નીતિશકુમારને ધારાસભ્યોની માંગણી સ્વીકારવી પડી અને માંઝીએ એમનું 'પાદુકા સિંહાસન' ખાલી નહીં કરતાં નાછૂટકે પાર્ટીને એમને બરતરફ કરવા પડ્યા છે. આ તમામ ઘટનાક્રમમાં કેન્દ્રીત નેતાગીરીના ઇશારે બિહારમાં ભારતીય જનતા પાર્ટીના નેતાઓની પડદા પાછળની કૂટનીતિનો જ વિજય થયો છે. મહાદલિતને મુખ્યમંત્રીપદની વચગાળાના સમય પૂરતી સોંપણી કરીને દલિતોના મસીહા બની જવાની નીતિશની મુરાદ ભારતીય જનતા પાર્ટીએ બર આવવા દીધી નથી. એ સાચું કે ભાજપ માંઝીને ભવિષ્યમાં મુખ્યમંત્રી બનાવી શકે એમ નથી, બલકે આજના સંજોગોમાં પણ એમની ખુરશી સલામત રાખવી શકે એમ નથી, તેથી એક રીતે સત્તાલાલચું માંઝીનું તો આખા રાજકીય ખેલમાં ઉઠમણું જ થઇ ગયું છે. કમ અક્કલ મુસહર નેતા ભાજપની ચાલમાં ફસાઇ જઇને રાજકીય આપઘાત જ કરી બેઠાં છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. હાલ પૂરતાં નીતિશ કુમારને પુનઃ સત્તારૂઢ થતા ન પણ રોકી શકે - પરંતુ ભાજપ પાસે દલિત સમાજની સહાનુભૂતિ પ્રાપ્ત કરવા માટેનું એક હાથવગું હથિયાર જરૂર આવી ગયું છે. એટલે માંઝીનો 'યુઝ એન્ડ થ્રો' નીતિ મુજબ ઉપયોગ જરૂર થઇ શકશે. જો કે દિલ્હીના પરિણામો જોયા પછી બિહારની પ્રા પણ ભારતીય જનતા પાર્ટીના કોઇ પણ રીતે સત્તા હસ્તગત કરવાના ધખારાને નહીં સમજી શકે એમ માની લેવું વધું પડતું ગણાશે. પ્રજા હવે જાગ્રત થઇ ચૂકી છે. એને રાજકારણીઓ એકાદ વાર મૂર્ખ બનાવી શકે છે પણ વારંવાર છેતરાવાનું એને પસંદ નથી. કદાચ ભારતીય જનતા પાર્ટીના મહત્ત્વાકાંક્ષી નેતાઓને આ સત્ય દિલ્હીનાં પરિમાણો પરથી સમજાશે તો માંઝી નામનું સળગતું ઉંબાડિયું આગામી વિધાનસભાની ચૂંટણીમાં કેટલું ઉપયોગી નીડવશે, એ મુદ્દે પાર્ટી ફેરવિચારણા પણ કરી શકે.




સેક્ટર-૨૨માં આવેલ સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને પોલીટેકનીક ખાતે આજે નિજાનંદ-૧૫ સપ્તાહનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તેમજ આ પ્રસંગે ઉપસ્થિત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા ટેસ્ટનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન અને ચેસ સ્પર્ધાઓ યોજાઈ હતી.

# એન.સી.સી.દળ યુવાઓમાં વ્યક્તિત્વ વિકાસ અને નેતૃત્વની શક્તિના નિર્માણમાં અગત્યની ભૂમિકા અદા કરી રહ્યું છે

## ૬૬મા ગણતંત્ર દિવસની દિલ્હી ખાતે આયોજિત શિબિરમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર કેડેટ્સનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ એન.સી.સી. ગુજરાતના કેડેટ્સ - એ નવી દિલ્હી ખાતે આયોજિત ૬૬મા ગણતંત્ર દિનની શિબિરોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા માટે તેમનું સન્માન કર્યું હતું.

ગઈકાલે રાજભવનમાં હતું કે સ્વામી વિવેકાનંદ યુવાનોમાં વ્યક્તિત્વના નિર્માણના શિક્ષણની વાત કરી છે, જે દેશ અને સમાજની પ્રગતિ માટે ખૂબ જ આવશ્યક છે. શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે ભારતના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે પણ યુવાનોને કહ્યું કે 'સ્વચ્છ ભારત અભિયાન, 'મેક ઈન ઈન્ડિયા', ડિઝિટલ ઈન્ડિયા' તથા અન્ય જે દેશ અને સમાજમાં સકારાત્મક બદલાવ લાવશે. આ કાર્યક્રમોને આગણ ધપાવવા માટે યુવાનોને યોગદાન આપવું જોઈએ.

તેમણે ગવર્નર્સ મેડલ પણ બેસ્ટ કેડેટ્સને અર્પણ કર્યા હતા અને



એન.સી.સી., ગુજરાત દ્વારા યોજવામાં આવેલ 'સ્નેહ સંમેલન'માં રાજ્યપાલશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે એન.સી.સી. યુવાઓમાં વ્યક્તિત્વ વિકાસ અને નેતૃત્વ નિર્માણ સાથે ચારિત્ર્ય ઘડતર થાય, શિસ્ત અને દેશભક્તિ તથા સમાજ સેવાની ભાવના ખિલે તેવા પ્રયાસોમાં અગત્યની ભૂમિકા અદા કરી રહ્યું છે. તેમણે જણાવ્યું છે કે તેઓ મોટા સ્વપ્ન જુએ અને તેને પૂર્ણ કરવા સાહસ-પરિશ્રમ કરે અને પડકારોનો સામનો નિડરતાથી કરે. આ સંદેશ યુવાનોમાં દેશ અને સમાજની ઉન્નતિ માટે અંતરની ઉર્જાને પ્રજ્જવલિત કરશે.

તેમણે જણાવ્યું હતું કે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર સમક્ષ કેટલાક જનહિતના કાર્યક્રમો મુક્યા છે જેવા રાજભવનમાં રજૂ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર સૌ કેડેટ્સને અભિનંદન આપ્યા હતા.

પ્રારંભમાં એન.સી.સી., ગુજરાતના નાયબ મહાનિદેશક બ્રિગેડિયર પ્રદીપ નારાયણન્એ એન.સી.સી. કેડેટ્સ દ્વારા વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ તથા દેશમાં આયોજિત કરાયેલ જુદી જુદી પ્રતિયોગિતાઓમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી સુવર્ણ, રૌપ્ય તથા કાસ્ય ચંદ્રકો મેળવવામાં આવ્યા હતા તેની વિગતો આપી હતી.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી, એન.સી.સી.ના ત્રણેય પાંખના વરિષ્ઠ અધિકારીઓ, વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ તેમના માતા માતાપિતા તથા અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# આજે સે. ૭માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૯

શ્રીમતી ભાવનાબેન ગોકલાણીના સુમધુર કંઠે મા બહુચરનો આનંદનો ગરબો આજરોજ મંગળવાર બપોરે ૩.૦૦ થી ૬.૦૦ દરમિયાન શ્રીમતિ મહેશ્વરીબેન વ્યાસના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૮૩/૨, સેક્ટર-૭-બી, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. આનંદના ગરબાનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને દિવ્ય જીવન સંઘની સંયુક્ત મહિલાઓની યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૯

નૈસર્સિગ સ્વાસ્થ્ય મંડળ અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ગાયત્રી શક્તિ પીઠ ખાતે મહિલાઓ માટે નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરાયું હતું. દિવ્ય જીવન સંઘના શ્રી અશ્વીનભાઈ દવે અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના સુશ્રી વર્ષાબેન દવેના માર્ગદર્શન હેઠળ ૫૦થી વધુ બહેનોએ યોગની પદ્ધતિસરની તાલીમ મેળવી હતી.

ફેબ્રુઆરી મહિના પહેલા સપ્તાહમાં યોજાયેલ મહિલાઓ માટેની આ યોગશિબિર દરમિયાન શ્રીમતી અરૂણાબેન ઓઝાએ બહેનોને આહાર વિજ્ઞાન વિશે વિસ્તૃત માર્ગદર્શન પણ આપ્યું હતું. શિબિરનો શુભારંભ ડૉ. નીરવ ઠાકરના હોમીયોપેથી કેમ્પ દ્વારા થયો હતો.

નૈસર્ગિસ સ્વાસ્થ્ય મંડળના સુશ્રી વર્ષાબેન દવે દ્વારા જાન્યુઆરી માસમાં મહિલાઓની યોગશિબિર યોજાઈ હતી. જેમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ચૌધરી ગર્લ્સ બીસીએ કોલેજમાં સેવ ગર્લ્સ ચાઈલ્ડ અને બીકેટુ સ્કૂલ ડે નું આયોજન

ગાંધીનગર, તા. ૯

ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (બીસીએ) પ્રોગ્રામમાં વિદ્યાર્થનીઓની સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને સહ અધ્યયન પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. કોલેજમાં 'સેવ ગર્લ્સ ચાઈલ્ડ' અને 'બેક ટુ સ્કૂલ ડે' મનાવવામાં આવ્યો. વિદ્યાર્થીનીઓએ 'સેવ ગર્લ્સ ચાઈલ્ડ'ના પોસ્ટર બનાવ્યા હતા. તેનું પ્રદર્શન કોલેજમાં રાખવામાં આવ્યું હતું. 'બેટી બચાવો' સંદેશ પણ આપવામાં આવ્યો હતો. સાથે સાથે બેક ટુ સ્કૂલ ડે ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીનીઓએ શાળાના ગણવેશ પહેરીને સ્કૂલગર્લની જેમ તૈયાર થઈને શાળાના દિવસો યાદ કર્યા હતા. સંગીત ખુરશીની રમતો પણ યોજાઈ હતી.

સંસ્થાના અધ્યાપિકા શ્રીમતી ગીરા ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. ડાયરેક્ટરશ્રી પ્રશાંત વાઘેલાએ માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ.

# પ્રેરણા સ્કૂલના વિદ્યાર્થીઓએ સાયન્સ ટ્રેનની મુલાકાત લીધી

ભારતમાં ફેલાયેલા જૈવ ભૌગોલિક વિસ્તારોમાં આવેલાં દરિયાઈ, તટવર્તી તેમજ વન અને સુક્ષ્મ જીવાણુઓ અંગે લોકોમાં સમજ આવે તે માટે બાયોડાયવર્સિટી સ્પેશિયલ સાયન્સ એક્સપ્રેસ પરિભ્રમણ કરી રહી છે. સેક્ટર-૧૪ ખાતે આવેલા કેપિટલ રેલવે સ્ટેશન ખાતે ત્રણ દિવસ રોકાયેલી આ ટ્રેનની પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. શાળાના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ટ્રેનની મુલાકાત દરમિયાન વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણને લગતી પ્રવૃત્તિઓ તથા રમતો સહિત કોયડાઓ માટેની વિજ્ઞાનની આનંદ પ્રયોગશાળાની પણ મુલાકાત લઈ ખુબ જ ઉપયોગી માહિતી મેળવી હતી. આમ, શાળાના વિદ્યાર્થીઓએ આ ટ્રેનની મુલાકાત દ્વારા ખુબ જ માહિતી મેળવી ગણિત અને વિજ્ઞાન ક્ષેત્રે જ્ઞાનસભર અને ભવિષ્યોપયોગી માહિતી મેળવી હતી. તેઓ ભારતની વિવિધ ભૂપૃષ્ઠ ધરાવતી ધરા, સમુદ્રકિનારા તેમજ સૂક્ષ્મજીવો અને લુપ્ત થતા જીવોથી પણ માહિતીસભર બન્યા હતા.

# સેક્ટર-૮ સમર્પણ કોલેજમાં વિદ્યાર્થી સજ્જતા શિબિર

ગાંધીનગર, તા. ૯

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગરના ગુજરાતી વિભાગ દ્વારા તા. ૧૦-૨-૨૦૧૫, મંગળવારે ૯.૩૦ થી ૩.૩૦ કલાક સુધી એક દિવસીય આંતર કોલેજ વિદ્યાર્થી સજ્જતા શિબિરનું આયોજન શંકરસિંહજી વાઘેલા બાપુ ગુજરાત નોલેજ વિલેજ, વાસણ ખાતે કરવામાં આવ્યું છે.

સમર્પણ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી અને વિરોધપક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા બાપુની અધ્યક્ષીય ઉપસ્થિતિમાં યોજાનાર ઉદ્‌ઘાટન બેઠકમાં અતિથિવિશેષ તરીકે જાણીતા સાહિત્યકાર અને સમર્પણ કોલેજના ટ્રસ્ટી ડૉ. કિશોરસિંહ સોલંકી, અધ્યાપક-વિવેચક ડૉ. મણિલાલ હ. પટેલ અને ડૉ. સતીશ વ્યાસ ઉપસ્થિત રહેશે. તદુપરાંત સમર્પણ કોલેજના આચાર્યશ્રી ઋચાબેન બ્રહ્મભટ્ટ તથા ગુજરાતી વિભાગના વડા ડૉ. દીપક પંડ્યા પણ વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્‌બોધન કરશે.

ગુજરાત યુનિવર્સિટીની વિવિધ કોલેજના ૩૫૦ વિદ્યાર્થીઓ અને ૫૦ અધ્યાપકો આ શિબિરમાં હાજરી આપશે. ગુજરાતી ભાષા-સાહિત્યના ખ્યાતનામ સર્જકો અને વિદ્વાન અધ્યાપકો ડૉ. મણીલાલ હ. પટેલ અને ડૉ. સતીશ વ્યાસ અનુક્રમે 'અનુગાંધીયુગની ગુજરાતી કવિતા' અને 'પ્રતીક, કલ્પન અને પુરાકલ્પન' વિશે વ્યાખ્યાન આપશે. આ ઉપરાંત ગુજરાતી ભાષા-સાહિત્યના યુવા તેજસ્વી અધ્યાપકો ડૉ. અજયસિંહ ચૌહાણ, ડૉ. સંજય મકવાણા, ડૉ. અશ્વિન આણદાણી, ડૉ. નલિની દેસાઈ, ડૉ. કિશોર વ્યાસ, ડૉ. વૈશાલી ધોળકીયા, ડૉ. અજય રાવલ અને ડૉ. મનીષા દવે વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી માર્ગદર્શન આપશે. ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન પ્રા. સમીર ભટ્ટ કરશે.

# "પ્રેમ એ 'વેલેન્ટાઇન ડે' નો મહોતાજ નથી"

## 'વેલેન્ટાઈન ડે' એ તો માત્ર એક જ દિવસ પૂરતી પ્રેમની અભિવ્યક્તિની ઉજવણી છે પરંતુ, આપણે ત્યાં તો વસંતઋતુ અને ફોરમતો ફાગણ એવી આખે આખી ઋતુઓ જ પ્રેમ અને પ્રેમની અભિવ્યક્તિને નામે લખાઈ છે

### વિચારસભા

- નેહલ જયદીપ ગઢવી

ફેબ્રુઆરી મહિનો એટલે વાતાવરણમાં એક અનોખો - અનેરો પ્રેમનો અહેસાસ. ખુશનુમા માહોલમાં ક્યાંક લગ્નોની તડામાર તૈયારીઓ તો ક્યાંક 'વેલેન્ટાઇન ડે' ની વિવિધ તૈયારીઓનો માહોલ. કોલેજોમાં યોજાતા વિવિધ દિવસોની ઉજવણી - ક્યારેક 'રોઝ ડે', ક્યારેક ટ્રેડિશનલ ડે - તો ક્યારેક ચોકલેટ ડે! દિન પ્રતિદિન દિવસોની ઊજવણીમાં કાંઇ ને કાંઇ નવીનતા ઉમેરાયા કરે છે! ઉજવણી વધુને વધુ ઇન્ટરેસ્ટીંગ બની રહી છે! માપસરની ઠંડીને કારણે 'લવ ઇસ ઇન ધ એર' એટલે કે 'હવામાં જ રોમાંચ' રહેલો હોય તેવી અનુભૂતિ થાય છે. આપણે ગુજરાતીઓ ખાવાના શોખીન હોવાને કારણે વિવિધ શિયાળુ પાક તેમ જ સ્વાદિષ્ટ લીલાછમ્મ શાકભાજીને આરોગીને આપણે સૌ પણ મોસમની જેમ જ મહેંકી ઉઠેલા દેખાઇએ છીએ! ડાયેટીંગ અને ખાવામાં વેદીયાવેડાને પડતા મુકીને સ્વાદિષ્ટ વ્યંજનો વર્ષના આ ત્રણ-ચાર મહિના દરમિયાન તો ખાસ મન મૂકીને માણીએ છીએ. પાશ્ચાત્યકરણના આ આંધળા અનુકરણ વચ્ચે પણ દાદીમાના વસાણા ટકી રહ્યા છે તે ખરેખર ખૂબ નોંધનીય અને પ્રશંસાપાત્ર બાબત ગણી શકાય, કોલેજમાં અભ્યાસ કરતા કે શાળાએ જનારા આ ફાસ્ટફુડ લવર્સને પણ ફરજિયાત મમ્મીએ બનાવેલું શિયાળું વસાણા મન-કમને આરોગવા જ પડે છે!

'વેલેન્ટાઇન ડે' એ તો માત્ર એક જ દિવસ પૂરતી પ્રેમની અભિવ્યક્તિની ઉજવણી છે પરંતુ, આપમે ત્યાં તો વસંતઋતુ અને ફોરમતો ફાગણ એવી આખે આખી ઋતુઓ જ પ્રેમ અને પ્રેમની અભિવ્યક્તિને નામે લખાઇ છે. આ 'રોઝ' આપવું એ યંગ જનરેશન માટે ચોક્કસ રોમાંચક હશે પરંતુ, આજે પણ વસંતઋતુના ગીતો રેડિયો પર સાંભળીને મકલાઇ જાતા એવર-યંગ કપલની આંખોમાં રોમાંચ કંઇક અલગ જ હોય છે.

"વ્હાલમ વરણાગી થઇ અડક્યો વસંતમાં ને,
કમખાની કસ રહી તૂટી..."

આવા વસંતી ગીતો ગણગણતા આપણા વડીલોને ક્યાં 'વેલેન્ટાઇન ડે' ઊજવ્યો છે અને છતાંય એમણે એમના વેલેન્ટાઇનને મન મૂકીને માણ્યો છે અને તે પણ આજીવન એક સરખી રીતે 'વેલેન્ટાઇન ડે'ની ઉજવણી કરવામાં ખોટું તો કંઇ નથી પણ દર વર્ષે 'વેલેન્ટાઇન માં બદલાતી જોડીઓને જોઇને એક મોટું જોખમ આપણી સામાજિક પરંપરા અને સંસ્કૃતિ પર તોળાઇ રહ્યું છે એવો ભય ચોક્કસપણે થાય! જો કે, આ નવી પેઢી પાસેથી આપણે પણ વધુ એક્સપ્રેસીય બનવાનું શીખી સંબંધોમાં નવી તાજગી ઉમેરી શકીએ! રેડ રોઝના બદલે વસંતપંચમી વિષે લખાયેલી ગમતા કવિની કોઇ સુંદર રચના સુંદર મરોડદાર અક્ષરોની લખીને ૪૦-૪૫ વર્ષ પૂર્વના શાળઆ-કોલેજના મિત્રોને એક સાદા પોસ્ટકાર્ડમાં લખીને મોકલી તો જુઓ અને પછી સમજાશે કે 'વેલેન્ટાઇન ડે' કરતાં આ વાસંતી પત્ર કેવી કમાલ કરી જાય છે તમારી રૂટીન બોરીંગ લાઇફની રોજીંદી ઘટમાળમાં!

તમારું વેલેન્ટાઇન એટલે તમને ગમતું પ્રિય પાત્ર, પણ એમ જ હોય તો મીરાં અને રાધાને પણ કૃષ્ણના વેલેન્ટાઇન કહી શકાય. રાધાએ ક્યારેય કૃષ્ણને પૂછ્યું નહોતું કે 'કૃષ્ણ, શું તમે બનશો મારા વેલેન્ટાઇન?' અને તેમ છતાંય રાધા-કૃષ્ણનો પ્રેમ યુગોપર્યંત એ જ પ્રમાણે જળવાયેલો છે. કવિયત્રી સુચિતા કપૂર કેવી અદ્‌ભૂત વાત કરે છે કે,

"તું અને કૃષ્ણા બંને અદ્‌ભૂત છો. અલૌકિક છો,
છતાં અજ્ઞાત છો.
બંનેને સ્મરવું એટલે સ્વને ભૂલી જઇ, સ્વપ્નમાં ખોવાવું.
ફરક બસ એટલો જ છે કે કૃષ્ણ પ્રાર્થ્ય છે, અને તું? તું કોઇ પ્રાર્થના."

લાગણીના આ સંબંધને જાણવા કે માણવા માટે કોઇ વેલેન્ટાઇનની જરૂર છે ખરી? એક વ્યક્તિનો અન્ય વ્યક્તિ સાથેનો લાગણીનો હુંફાળો સંબંધ હોય અને એ સંબંધ આજીવન એવો ને એવો જ અકબંધ રહેતો હોય તે જ ખરો વેલેન્ટાઇન. ક્યારેક સાવ અજાણી હોય તેવી વ્યક્તિ તરફ એકાદ સ્મિતની આપ-લે થઇ જાય અને પછી એ નાની એવી બાબત એક રોજિંદો ક્રમ બની જાય ત્યારે એ સંબંધ માત્ર બે આંખો અને એક સ્મિતથી જ બંધાયેલો અને એ જ રીતે ટકી રહેતો હોય છે. તો વળી ક્યારેક આવો સંબંધ આપણી આસપાસ રહેતા પશુ-પક્ષીઓ સાથે પણ અનાયાસે જ બંધાઇ જતો પણ જોવા મળે છે. દરરોજ આપણને એને જોવાની, એની નોંધ લેવાની અને એની કાળજી લેવાની ટેવ પડે ત્યારે એ મૂંગા પશુપંખીઓ આપણા હાવભાવ અને બોડી લેંગ્વેજ પરથી આપણા મનની વાત કેવી જાણી લેતા હોય છે તો વળી ક્યારેક એ પશુ-પંખી પણ બિમાર હોય કે ન દેખાય ત્યારે એ જ રીતે આપણે પણ એની નોંધ લેતા જ હોઇએ છીએ આ એક નિઃસ્વાર્થ અને અલૌકિક બંધન હોય છે. એને આવા 'વેલેન્ટાઇન ડે'ના સેલિબ્રેશનની જેમ લાગણીના માર્કેટિંગની કોઇ જ જરૂર હોતી નથી આવા સંબંધ તો બંધાઇ જતા હોય છે અનાયાસે અકારણ અને કોઇ પણ જાતના પ્રયત્નો વિના આજીવન એમાં લાગણીની ભીની-ભીની સુગંધ સદાય મહેંકતી જ રહે છે.

પહેલાના સમયમાં ગુરુ-શિષ્ય, પતિ-પત્ની, મિત્રો આ સર્વે તો લાગણીના સંબંધોથી જોડાયેલા હતા જ પણ લોકો પરસ્પર એકબીજાને સમજવા માટે તત્પર રહેતા. આશ્રમમાં રહીને ભણતા વિદ્યાર્થીઓને પંડિતજી તેમજ તેમના પત્ની ખૂબ હેતપૂર્વક અને પ્રેમભાવથી ભણાવતા તેમજ ઉછેરતાં. કોઇ વિદ્યાર્થી કે બાળક ઓછું જમે ત્યારે પંડિતજીને તેમના પત્ની મીઠી ફરિયાદ પણ કરતાં કે 'આ છોકરાઓ તો જાણે પારકું ઘર હોય એમ રહે છે પહેલાના છોકરા તો મીઠાઇ કેવી ચટ કરી જતા' અને આજના યુગમાં પણ આવા લાગણી ભીના સંબંધો રહેલાજ છે અને તે પણ આપણી આસપાસ જ! માત્ર જરૂર છે લાગણીના આ કૂમળા છોડને જતન પૂર્વક ઊછેરવાની અને પોષવાની! લાગણીનો ઢાળ મળે ત્યાં માણસ હંમેશા ઝુકી જતો હોય છે અને પૂછી બેસે છે,

"ખોટું ન લાગે તો વાત એક કહું
હું થોડા દિવસ હવે તારામાં રહું?
કોણ જાણે હિજાશી એકલતા જામી
વૈદો કહે છે : હૂંફની છે ખામી
કહે છે તારામાં લાગણી છે બહું...
હું થોડા દિવસ હવે તારામાં રહું?"

'વેલેન્ટાઇન ડે' નિમિત્તે પશ્ચિમી રીતભાત મુજબની ઊજવણી તો ભલે કરીએ પણ બાજુના ઘરમાં રહેતા દાદા કે નાનકડી ઢીંગલી જેવી બાળકીને જઇને ગુલાબનું ફૂલ કે ચોકલેટ આપીને જોઇએ તો ખરા! તેમના ચહેરાના હાવભાવ આપણામાં એક નવી તાજગી ભરી દેશે. આપણે પણ ગુલાબની માફક મહેકતા અને ચોકલેટની જેમ મધમીઠા બનીને સંબંધોની ક્યારીમાં લાગણીઓના આવા નાના-નાના છોડ રોપીશું તો જ આવનારી પેઢી પણ 'વેલેન્ટાઇન ડે' ને વધુ સારી રીતે લાંબા સમય સુધી માણી શકશે!